

અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli/69/12-14 Validup to 31/12/14

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY

પાના ૮ કિંમત રૂા.૩-૦૦
તા.૧૬-૧૨-૨૦૧૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃતિ
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯,૨૨૪૮૯,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ માગસર વદ ૯ વર્ષ : ૧૯ અંક ૧૦૦



**વિહીપના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષશ્રી પ્રવિણભાઇ તોગડીયાની ઉપસ્થિતીમાં**

# અમરેલીમાં આજે વિહીપનું હિન્દુ મહાસંમેલન

**હિન્દુ મહાસંમેલનમાં જિલ્લાભરના વિહીપના કાર્યકરો ઉમટી પડશે**

**વિહીપના સુપ્રીમોને આવકારવા આગેવાનો કાર્યકરોમાં થનગનાટ**

**બપોરે બે કલાકે પટેલ સંકુલ અમરેલી ખાતે વિરાટ હિન્દુ મહાસંમેલન મળશે**

**મહાસંમેલનને અનુલક્ષીને અમરેલીમાં આજે પોલીસનો લોખંડી બંદોબસ્ત**

અમરેલી,દેશમાં હિન્દુ સમાજ અને હિન્દુ સમાજના ઉત્કર્ષ અને હિન્દુ સંસ્કૃતિની જાળવણી માટે કાર્યરત વિશ્વહિન્દુ પરિષદ સંસ્થાના ૫૦ વર્ષ પુરા થતા તેની ઉજવણીના ભાગ રૂપે અમરેલીમાં આજે વિહીપના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયાની ઉપસ્થિતીમાં વિરાટ હિન્દુ મહાસંમેલન યોજાનાર છે. અમરેલી ખાતે આજરોજ તા. ૧૬ ના રોજ બપોરના બે કલાકે પટેલ સંકુલ ચક્કર ગઢ રોડ અમરેલી, ખાતે યોજાનાર હિન્દુ મહાસંમેલનમાં વિહીપના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો. પ્રવિણભાઈ તોગડીયા, સૌરાષ્ટ્ર પ્રાંતના (અનુસંધાન પાનાનં.૭)

**સૌનો સાથ, સૌનો વિકાસ આનું નામ**

## અમરેલીમાં રવિકૃષિ મેળાના સરકારી હોર્ડીંગમાં છબરડો મંત્રીશ્રીને બદલે કોંગ્રેસના ધારાસભ્યની તસવીર મુકાઇ

**મંત્રીશ્રી જશાભાઇ બારડને બદલે તાલાળાના કોંગ્રેસના શ્રી જશુભાઇ બારડની નામ અને તસવીરવાળા હોર્ડીંગથી કૌતુક**



અમરેલી, ગુજરાત સરકારે રવિકૃષિ મેળાના હોર્ડીંગો મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની તસ્વીરો વાળા ઠેર (અનુસંધાન પાનાનં.૭)

## અમરેલી જિલ્લો થીજી ગયો : ૧૦ ડિગ્રી

**શિયાળાની ઋતુમાં તાપમાનનો પારો નિચે ઉતરતા દિવસભર બેઠો ઠાર : તાપણા યુગ શરૂ થયો**

અમરેલી,અમરેલી જિલ્લામાં શિયાળાની ઋતુમાં સૌપ્રથમ વખત આજે રેકર્ડબ્રેક ઠંડી પડતા જનજીવન અને પશુપંખીઓ ઉપર માઠી અસર પડી છે. અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો નિચે ઉતરી ૧૦ ડીગ્રીએ પહોંચડતા હવામાં ભેજના પ્રમાણમાં પણ દિવસભર વાતાવરણ ઠંડુગાર રહેતા જિલ્લો શિત લહેરમાં ફેરવાયો છે. દિવસભર બેઠો ઠાર રહેતા લોકો એ ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડયો હતો. લગ્નસરાની મૌસમના આજે છેલ્લા દિવસેવહેલી સવારે જાનૈયા અને માંડવીયાઓ ઠંડીમાં થરથર ધ્રુજયા હતા. શાળા કોલેજોમાં વહેલી સવારે જતા શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા રાત્રીના શહેરી વિસ્તારોમાં રાજમાર્ગો ઉપર કર્ફયુ જેવી સ્થિતી જોવા મળી હતી. ગ્રામીણ (અનુસંધાન પાનાનં.૭)

## રાજુલા-જાફરાબાદમાં પ્રથમ વખત જ ઠંડીનું રેકર્ડબ્રેક મોજુ

**ઠંડીના કારણે વહેલી સવારે વાહનોના એન્જીનો પણ જામ થયા**

રાજુલા,રાજુલા જાફરાબાદ વિસ્તાર દરિયાઇ તટે આવેલ હોય જેના કારણે ઠંડીનું પ્રમાણ ઓછુ રહેતુ હોય પરંતુ ઓણ સાલ શિયાળાની ઋતુમાં સૌપ્રથમ વખત રેકર્ડબ્રેક ૧૦ ડીગ્રી તાપમાન સાથે (અનુસંધાન પાનાનં.૭)

## અમરેલીના નવા ગીરિયા ગામમાં પાણી ભરવા પ્રશ્ને યુવાન ઉપર હુમલો કરાયો

**હુમલો કરનાર પરિવાર સામે પોલીસમાં ગુનો દાખલ**

અમરેલી,અમરેલીમાં નવાગીરીયામાં પાણી ભરવા પ્રશ્ને યુવાનને લાકડી વડે મારમાર્યાની ફરીયાદ નોંધાઇ છે. આ (અનુસંધાન પાનાનં.૭)

## બાબરાનાં નાનીકુંડળ પાસે બે મોટર સાઇકલ વચ્ચે અકસ્માતમાં દંપતિ ખંડીત : પતિનું મોત

**લગ્નમાંથી નાનીકુંડળ પરત ફરતા હતા ત્યારે સામેથી આવતા મોટરસાઇકલ સાથે અકસ્માત સર્જાયો**



બાબરા (દિપક કનૈયા)બાબરાના નાનીકુંડળ અને શીરવાણીયા વચ્ચે બે મોટર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા નાનીકુંડળનું દંપતિ ખંડિય થવા પામ્યુ હતુ આ અકસ્માતમાં પતિનું ઘટના સ્થળે મોત નિપજવા પામેલ હતુબનાવની જાણવા મળતી વિગત અનુસાર બાબરા તાલુકા નાં નાનીકુંડળ ગામ પાસે બે મોટર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાતાં નાનીકુંડળ ગામનાં (અનુસંધાન પાનાનં.૭)

### બગસરાના વાઘણીયામાં શેઢા પડોશી બાખડીયા

અમરેલી,બગસરાના વાઘણીયામાં રહેતા મનસુખભાઇ વીરજીભાઇ ડાભીની સાથે તેના શેઢા પડોશી સવાવાલા ભરવાડ, દેવશી વાલા, રાજા તેજા, રાકેશ રવજીએ શેઢા બાબતે બોલાચાલી કરી મુંઢ માર્યાની ફરીયાદ નોંધાયેલ છે.




## દેવડેરા મુકીને હનુમાનજીની હડફેટે ચડયો : ફેશબુક ઉપર હરામખોરે હનુમાનજીને અપમાનીત કરતા રોષ

**હિન્દુ ધર્મ અપમાન વિરોધી સંસ્થા અમરેલી દ્વારા પોલીસને લેખિત ફરિયાદ અપાઇ**

અમરેલી,ભુતકાળમાં અનેક વાર મંદિરો અને હિન્દુ દેવી દેવતા ઓના ફોટાઓને માથા ફરેલ વિધર્મીઓ દ્વારા અપમાન જનક હાલતમાં રજુ થયેલ હોય તાજેતરમાં જ ગે હિન્દુ આઇ.ડી. ધરાવતા એક વિધર્મીએ હનુમાન દાદાના ફોટા સાથે નગ્ન યુવતિનો ફોટો એડીટીંગ તેમજ દ્વિભત્સ શબ્દો મિસરી હનુમાન ચાલીસા મુકતા આની સામે કડક પગલા લેવા હિન્દુ ધર્મ અપમાન વિરોધી સંસ્થા અમરેલી દ્વારા અમરેલી (અનુસંધાન પાનાનં.૭)

## બાબરામાં પીજીવીસીએલની વિજ લાઇન રીપેરીંગ કરતા શ્રમિકનું મોત

**વિજપોલ ઉપર ચડેલા શ્રમિકને શોક લાગતા મોત નિપજયું**

અમરેલી,બાબરામાં પીજીવીસીએલની વિજ લાઇન રીપેરકરતા શ્રમિકનું મોત નિપજયુ હતુ.આ બનાવની વિગત અનુસાર બાબરામાં હનુમાન મંદિર સામે પીજીવીસીએલની ૧૧ કેવી વિજ લાઇન રીપેરીંગ કરતા પુરણ નુરાભાઇ મેરાક ઉ.વ.૨૬ વિજપોલ ઉપર ચડેલ તે દરમિયાન વીજ શોક લાગતા નીચે પડતા તેનું મોત થયાનું બાબરા પોલીસ મથકમાં શાળુભાઇ નુરાભાઈએ જાહેર કરતા એ.એસ.આઇ. એચ.ડી.ગઢવી તપાસ ચલાવી રહ્યા છે.

**સારૂ કામ કરો ત્યારે સૌનો સાથ મળે છે**

## નોધારાના આધાર શ્રી દિલીપ સંઘાણીને ત્યાં નવ વર્ષની માનસીનો ફોન આવ્યો...

**અમરેલીના ગોડીયા પરિવારને મદદ કરવા ઓમનગરની માનસીએ તત્પરતા બતાવી**

અમરેલી,નોંધારાના આધાર બની અમરેલી પરિવાર થકી અકસ્માતમાં મૃત્યુ પામેલા ગોડીયા પરિવારની સખાવત કરનારશ્રી દિલીપ સંઘાણીએ ત્યાં ઓમનગરમાંથી ચોથા ધોરણમાં ભણતી (અનુસંધાન પાનાનં.૭)

**આધારકાર્ડ**

અમરેલી જિલ્લાના દરેક તાલુકા મથકે આધાર કાર્ડની કામગીરી સંભાળી શકે તેવા
**અનુભવી ઓપરેટરો જોઇએ છે**
તાત્કાલીક સંપર્ક કરો
મો. ૯૭૧૪૬૦૬૦૩૬, ૯૯૭૮૦૦૦૦૩૦

**મોબાઇલ ખોવાયેલ છે**

રાજુલામાં એસ.ટી.બસ સ્ટેશનથી રાજ મંદિર કોમ્પ્લેક્ષ સુધીમાં મોબાઇલ ખોવાયેલ છે જે કોઇને મોબાઇલ મળે તો નીચેના નંબર ઉપર જાણ કરવી જાણ કરનારને યોગ્ય વળતર આપવામા આવશે
મો. ૯૯૦૪૦ ૬૧૦૫૬

**કેટરર્સ ક્ષેત્રે બિનહરીફ નામ એટલે**




**શ્યામ કેટરર્સ**
શ્યામ ડાયનીગ હોલ નીચે એસ.ટી.ડેપો સામે અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં
➤ કેટરર્સ ➤ ઇવેન્ટ મેનેજમેન્ટ ➤ ડેકોરેટર ➤ વેડીંગપ્લાનર
અરજણભાઇ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
અક્ષય પટેલ મો. ૯૦૯૯૦ ૪૧૦૦૮
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
તમારૂ ફંકશન ઓનલાઇન બુક કરો - website : www.shyamcaterers.com

**અમરેલી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. અમરેલી**
''અમર ડેરી'' અમર ત્રિભેટો-ધારી રોડ અમરેલી ૩૬૫૬૦૧
ફોન નંબર (૦૨૭૯૨) ૨૩૩૧૩૧

રજી.એ.ડી.
પત્ર ક્રમાંક - અમર /MD/ ૧૬૭/૧૪-૧૫ તા.૧૫-૧૨-૨૦૧૪

**ચુંટણી સબંધીત**
**(અત્યંત જરૂરી સમય મર્યાદા)**

આ દુધ સંઘની તમામ સંયોજીત સહકારી સંસ્થાને જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી અમરેલી સાથે સંયોજીત સહકારી મંડળીના પ્રતિનિધિઓ (ડીરેકટર)ની ચુટણી સને ૨૦૧૫ના વર્ષમાં થનાર છે. તો આ દુધ સંઘના બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુટણીમાં આપની મંડળીના પ્રતિનિધિ તરીકે નિમણુંક કરતો ઠરાવ જે નિયત નમુનામાં મંડળીને અલગથી રજી. એ.ડી.થી મોકલી આપવામા આવેલ છે તે મુજબનો અને વિગતો સંપુર્ણ ભરી અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ને તા.૨૪-૧૨-૨૦૧૪ના સાંજના ૫-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

ડો.આર.એસ.પટેલ
મેનેજીંગ ડીરેકટર
અમર ડેરી-અમરેલી

## દેશ-વિદેશના મહેમાનોની ઉપસ્થિતિમાં લગ્નોત્સવ રંગેચંગે સંપન્ન થયો

# મુંબઇ ખાતે શ્રી ઘઘડા અને શ્રી ધકાણ પરિવારના શાહી લગ્નોત્સવ યોજાયા

**સોનવડિયાવાળા હાલ મુંબઇ શ્રી ઘઘડા પરિવાર તથા જામકાવાળા હાલ દુબઇ શ્રી ધકાણ પરિવાર દ્વારા સ્નેહીઓ અને શૂભેચ્છકોની ઉપસ્થિતિમાં પરંપરાગત ઢબે લગ્નોત્સવ યોજાયો**

**લગ્નોત્સવમાં સતત ચાર દિવસનો ઉત્સવ :પ્રથમ દિવસે લોકસાહિત્કાર શ્રી માયાભાઇ આહિર બીજા દિવસે દેવયાની તાઇની કવ્વાલી અને ત્રીજા દિવસે કોકટેલ પાર્ટી યોજાઇ**








મુંબઇ,મુંબઇ ખાતે મુળ સૌરાષ્ટ્રના વતની અને હાલ વ્યવસાયઅર્થે મુંબઇ અને દુબઇ વસતા પરજીયા સોની પરિવાર શ્રી ઘઘડા તથા શ્રી ધકાણ પરિવાર દ્વારા ચાર દિવસનો શાહી લગ્નોત્સવ યોજાયો હતો.સોનવડિયાવાળા અને હાલ મુંબઇ નિવાસી સોની શ્રી સુરેશભાઇ ઠાકરશીભાઇ ઘઘડાના સુપુત્ર ચિ. વિરેન અને જામકાના વતની તથા હાલ દુબઇ નિવાસી સોની શ્રી હર્ષદભાઇ બાબુભાઇ ધકાણની સુપુત્રી ચિ. મમતાના શુભલગ્નોત્સવ પ્રસંગે ચાર દિવસના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.પ્રથમ દિવસે સૌરાષ્ટ્રના વિખ્યાત લોકસાહિત્યકાર શ્રી માયાભાઇ આહીરનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં માયાભાઇએ સૌરાષ્ટ્રની પરંપરાને ઉજાગર કરી મહેમાનો મહારાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર ઉભુ કરી દીધુ હતુ તો બીજે દિવસે દેશના પ્રખ્યાત કવ્વાલ દેવયાની તાઈની કવ્વાલીનો જલસો ગોઠવાયો હતો અને ત્રીજા દિવસે કોકટેલ પાર્ટી યોજાઈ હતી જયારે ચોથા દિવસે શુભલગ્નોત્સવયોજાયો હતો જેમાં ચિ.વિરેન અને ચિ. મમતા જન્મોજન્મના બંધને બંધાયા હતા અને બન્ને પરિવારોને એક કર્યા હતા.આ શુભપ્રસંગે મુંબઇ સોનીવાડીના પ્રમુખ શ્રી વિજયભાઇ સતિકુવર ચરવાળા તેમજ કમીટી મેમ્બરશ્રીઓ અને ઉદ્યોગપતિશ્રી જે.વી.જીણાદ્રા, અમરેલી જિલ્લા પરજીયા સોની સમાજના પ્રમુખ શ્રી ભરતભાઇ ચૌહાણે નવદંપતિને આર્શીવાદપત્રીકા પાઠવી સન્માન કર્યુ હતુ. જયારે આ પ્રસંગે બન્ને પરિવારોના સ્નેહીઓ તથા મિત્રો અને શુભેચ્છકો સહિતના આગેવાનો તથા મહેમાનોએ દેશવિદેશથી ઉપસ્થિત રહી નવદંપતિને શૂભકામનાઓ પાઠવી હતી.



સત્યમેવ જયતે

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

સૌરાષ્ટ્ર આવૃત્તિ

AVADH TIMES GROUP

પાના નં. ૮ અમરેલી તા.૧૬-૧૨-૨૦૧૪ મંગળવાર












દર વર્ષની જેમ આ વર્ષે પણ હાજા ગગડાવી નાખે તેવી ઠંડી શરૂ

# ધારીને ધ્રુજાવતી ઠંડી : પારો ૫ ડિગ્રી

**ઠંડીને કારણે જનજીવન અસ્ત વ્યસ્ત થઇ ગયું : દિવસે પણ તાપણા કરવા પડે તેવી સ્થિતિ : જંગલને કારણે વધુ અસર**

ધારી (હસમુખ દવે), ધારી ગીર પંથકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હાજા ગગડાવી નાખે તેવી ઠંડી શરૂ થઇ છે તેથી જનજીવન વ્યાપક અસર થઇ છે દિવસે પણ તાપણા કરવા પડે તેવી સ્થિતિ જોવા મળે છે. ખાસ કરીને જંગલ વિસ્તારને કારણે ઠંડીની વધુ અસર જોવા મળે છે. ધારી ગીર પંથકમાં ગાત્રો થીજાવીદે તેવી ઠંડી સાથે તાપમાન ૫ ડીગ્રી રહયુ હતુ. ઠંડીના કારણે જાહેર સ્થળોએ લોકો ઠુંઠવાતા જોવા મળી રહયા હતા અને તાપણા શરૂ થઇ ગયા હતા. સેવાભાવી સંસ્થાઓ આગેવાનોએ પણ કાંઇક લોકો માટે વિચારવુ જરૂરી છે ભુતકાળમાં પી.એસ.આઇ. એ.બી.પટેલ રેલ્વે સ્ટેશન અને ગરીબ વિસ્તારોમાં ધાબળા વિતરણ કર્યા હતા તેઓ હજુપણ શ્રી પટેલને યાદ કરે છે.

## વિકટરમાં લોખંડની પાઇપ વડે હુમલો

અમરેલી,રાજુલામાં વિકટરમાં રહેતા (અનુસંધાન પાનાનં.૭)


હાર્દિક અભિનંદન



ભગીરથભાઇ એમ.વરૂ
પ્રમુખશ્રી તા.પ્રા.શિ.સંઘ

આપશ્રીની જાફરાબાદ તાલુકા પ્રાથમિક શિ.સંઘના પ્રમુખ તરીકે વરણી થતા હાર્દીક અભીનંદન સહ શુભકામનાઓ

મનસુખભાઇ સોમૈયા
વાલાભાઇ જાલા - જગદીશભાઇ પરમાર
શ્રધ્ધાબેન પરમાર
ભારતીબેન રામ








હાર્દીક અભીનંદન

શ્રીજી વિમેન્સ હોસ્પીટલ



ડો. પીયુષ ગોસાઇ (M.D. GYNEC)

અમરેલી જિલ્લાના સીનીયર સ્ત્રીરોગ નીષ્ણાંત અને અમારા ગાઢ સ્નેહીશ્રી ડો. પીયુષ ગોસાઇને નવનિર્મિત અદ્યતન સાધનો સગવડોથી સુસજ્જ એવી **શ્રીજી વિમેન્સ હોસ્પીટલ**ના નવ પ્રસ્થાન તેમજ શુભારંભ બદલ ખુબ ખુબ શુભકામનાઓ...

શુભેચ્છક : ડો. અશોક રાણવા



આપના પરીવારની તંદુરસ્તી જાળવે શુધ્ધ અને સ્વાદીષ્ટ ચંદન શીંગતેલ

બારેમાસ ભરવા લાયક શુધ્ધ અને સ્વાદીષ્ટ શીંગતેલ દરેક કરીયાણા સ્ટોર્સ તથા રીટેલર સ્ટોર્સમાં ઉપલબ્ધ

ચંદન બ્રાન્ડ શુધ્ધ ડબલ ફીલ્ટર્ડ શીંગતેલ મેળવવા માટે આજે જ અમારો સંપર્ક કરો



મેન્યુફેકચરબાય
જગદીશ ઇન્ડસ્ટ્રીઝ
૭, ગુજકોમાસોલની પાછળ, સાવરકુંડલા રોડ અમરેલી,
ફોન : (૦૨૭૯૨) ૨૩૧૭૭૫) મો. ૯૯૭૯૩ ૫૧૫૬૧, ૯૪૨૬૯ ૫૧૫૬૧



આપના બજેટમાં પરવડે તેવી આધુનીક ડીઝાઇનમા ફર્નીચરનો અઢળક ખજાનો



મજબુત અને ટકાઉ ફર્નીચરની અમારી ગેરેંટી
સેટીપલંગ, કબાટ, ટીપોઇ, ખુરશી, ડ્રેસીંગટેબલ, ડાઇનીંગ ટેબલ ઉપરાંત ઘણુ બધુ

ડેમોસ્ટ્રેશન જોવા આજે જ સ્થળ પર પધારો

શ્રી આશાપુરા ટીમ્બર એન્ડ ફર્નીચર
માણેકપરા, લાતીબજાર, અમરેલી, ફોન (૦૨૭૯૨) ૨૨૩૭૩૯








Pathak Schools
AMRELI

સહુને અભિનંદન... સહુનો આભાર...

પાઠક સ્કૂલનો રણટંકાર.. વિદ્યાર્થીઓનો જય જયકાર

ધો. 11 વિજ્ઞાન પ્રવાહ સેમ. I પાઠક સ્કૂલના ટોપટેન વિદ્યાર્થીઓ...

બોર્ડનું પરિણામ 94.50%
અમરેલી કેન્દ્ર 91.80%
A-1 ગ્રેડ = 01
A-2 ગ્રેડ = 05
B-1 ગ્રેડ = 05
B-2 ગ્રેડ = 11



ધો. 12 વિજ્ઞાન પ્રવાહ સેમ. III પાઠક સ્કૂલના ટોપટેન વિદ્યાર્થીઓ...

બોર્ડનું પરિણામ 96.84%
અમરેલી કેન્દ્ર 95.88%
A-2 ગ્રેડ = 06
B-1 ગ્રેડ = 12
B-2 ગ્રેડ = 21
C-1 ગ્રેડ = 31



પાઠક સ્કૂલનો સાથ, વિદ્યાર્થીનો વિકાસ...


# આભાર દર્શન



આપ સર્વેના આશિર્વાદ, શુભેચ્છા, સહકાર તથા હદયના સ્પંદનોના માધ્યમથી મે જીવનમાં કરેલા વિકાસ તથા વતન અમરેલી તથા ગુજરાતમાં શૈક્ષણિક, સામાજિક તથા સર્વાંગી વિકાસના મારા કાર્યોની કદર સ્વરૂપે આપ સર્વોએ મને ‘‘વતનના રતન’’નું બિરૂદ આપી મને જાહેર મંચ પર ‘‘ત્રિવિધ તુલા’’ થી સન્માનિત કર્યા તે બદલ હુ ખરા દિલથી આપ સર્વેનો આભારી છુ.

અમરેલી જિલ્લા લેઉવા પટેલ સમાજ તથા સર્વે જ્ઞાતિ દ્વારા આયોજિત મારા ‘‘ત્રિવિધ તુલા સન્માન સમારોહમાં સમગ્ર ગુજરાત ભરમાંથી ગતિશિલ ગુજરાતના પ્રણેતા એવા રાજકીય આગેવાનો, સંતો, મારા સાથી સુરત, મુંબઇ, વડોદરા, નવસારી, રાજકોટ, જુનાગઢ, અમરેલી, કચ્છ, રાપર, અમેરીકા, બેલ્જિયમ, કેનેડા તથા દેશ - વિદેશથી આવેલા ઉદ્યોગપતીશ્રીઓ, સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ, સર્વે જ્ઞાતિના આગેવાનો, પદાધીકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, પત્રકાર મિત્રો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ગુજરાત ભરમાંથી આવેલા માનવંતા મહેમાનોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મારી જિંદગીના અવિસ્મરણીય પ્રસંગના સાક્ષી બની મારૂ અભિવાદન કર્યુ તે બદલ હુ સદાયે આપનો ઋણી રહીશ.

મારા ત્રિવિધ તુલા સન્માન સમારોહને સંપુર્ણ સફળ બનાવવાના નિમિત સ્વરૂપ પુનઃઆપ સર્વેનો હુ આભાર વ્યકત કરૂ છુ.

લી.
આપનો આભારી
વસંતભાઇ ગજેરા